## ડબ્લ્યુએસીઇ ભાષા અરજી (WACE Language Applications) પ્રક્રિયા – માતાપિતા/વાલીઓ માટે માહિતી

WACE Language કોર્સમાં દાખલો મેળવવા ઇચ્છતા બધા વિદ્યાર્થીઓએ *WACE Language કોર્સ*માં *(ભાષા અરજી) દાખલા માટે પરવાનગી મેળવવા એક અરજી* [સ્ટુડન્ટ પોર્ટલ (https://studentportal.scsa.wa.edu.au)](https://studentportal.scsa.wa.edu.au) દ્વારા શાળા અભ્યાસ અને માનદંડ સત્તાધિકારી (સત્તાધિકારી)ને મોકલવાની રહેશે.

તેઓ જ્યારે ધોરણ ૧૦*માં હોય ત્યારે વિદ્યાર્થીઓએ *ભાષા અરજી* ભરવાની હોય છે.

*ભાષા અરજી* ભરવા માટે વિદ્યાર્થીઓએ ઘરે અથવા શાળામાં એક કોમ્પ્યુટર વાપરવાનું રહેશે. જો તમને પ્રશ્નો હોય તો, ભાષા શિક્ષક અથવા શાળા પ્રબંધકને પુછો.

### આવશ્યક માહિતી

વિદ્યાર્થીએ નીચે મુજબની માહિતી આપવાની રહેશે:

- પૂર્વ-પ્રાથમિક શાળાથી શરૂ કરીને તેમણે જેટલી શાળાઓમાં હાજરી આપી હોય તે બધી શાળાઓની માહિતી
- જે વર્ષોમાં તેઓએ ઓસ્ટ્રેલિયાની બહાર શાળા/શાળાઓમાં હાજરી આપી હોય તે શાળા અહેવાલ/અહેવાલો
- તેઓ પહેલાં રહ્યાં હોય તે દેશો
- તેઓએ મુલાકાત લીધી હોય/મુસાફરી કરી હોય/રજાઓ ગાળી હોય તે દેશો, મુલાકાતનાં કારણો અને જે તે દેશની મુલાકાતની અવધિ. આમાં, તેઓ જે ભાષા માટે અરજી કરી રહ્યા છો તે જ ભાષા બોલાતી હોય ફક્ત તેવા દેશોનો સમાવેશ થાય છે
- તેઓ બોલતાં શીખ્યા હોય તેવી પહેલી ભાષા/ભાષાઓ
- તેઓ બોલી, વાંચી અને લખી શકતાં હોય તેવી અન્ય ભાષા/ભાષાઓ
- તેઓ તેમનાં માતાપિતા અથવા વાલીઓ અને ભાઇ-બહેનો તથા મિત્રો સાથે બોલતાં હોય તે ભાષા/ભાષાઓ
- તેમનાં માતાપિતા અથવા વાલીઓ બોલતાં હોય તે ભાષા/ભાષાઓ

### સહાયક દસ્તાવેજો

વિદ્યાર્થીએ અરજીમાં અપલોડ કરવા માટે નીચેનાં દસ્તાવેજોનાં ફોટા અથવા તે સ્કેન રજૂ કરવા પડશે:

- *માતાપિતા/વાલીનું કબૂલાતનામું* સંપૂર્ણ ભરેલું - (ફરજીયાત)
- પાસપોર્ટનું ઓળખ પૃષ્ઠ - જો તેમનો જન્મ બીજા દેશમાં થયો હોય અથવા તેઓ ઓસ્ટ્રેલિયાની બહાર રહ્યાં હોય
- શાળા અહેવાલ/અહેવાલો - જો તેમણે ઓસ્ટ્રેલિયાની બહાર શાળા/શાળાઓમાં હાજરી આપી હોય

- આંતરરાષ્ટ્રીય અવરજવર નોંધ/નોંધો - જો તેઓ જે ભાષા માટે અરજી કરી રહ્યા છો તે બોલાતી હોય તેવા દેશો અથવા સ્થળોમાં તેઓ રહ્યાં હોવ અથવા ત્યાં વારંવાર ગયા હોય તો (જો સત્તાધિકારી માંગે તો).

ભાષા અરજી પ્રક્રિયા વિશે વધુ માહિતી WACE Language applicationsનાં વેબપેજ (https://www.scsa.wa.edu.au/sirs-and-srms-info/srms-information/wace-language-applications) પરથી મેળવી શકાય છે.

* આ ધોરણ ૯નાં ગીફ્ટેડ એન્ડ ટેલેન્ટેડ/એક્સલરેટેડ ભાષા વિદ્યાર્થીઓ કે જેઓ જ્યારે ધોરણ ૧૦માં હશે ત્યારે ધોરણ ૧૧ ભાષા કોર્સ કરવા માટે અરજી કરશે તેમને પણ લાગુ પડે છે.